Seat No. : _______________

# NC-115

**December-2015**

## B.A., Sem.-V

## CC-302 : Gujarati

**(ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** **બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

1. ભાષાની વિવિધ વ્યાખ્યાઓ આપી, તેના સ્વરૂપ લક્ષણોની ચર્ચા કરો. **14**

**અથવા**

નોંધ લખો :

(1) ભાષાનું માનવ વ્યવહારમાં સ્થાન

(2) ભાષાના સામાજિક, સાંસ્કૃતિક, પ્રાસંગિક સ્વરૂપ ભેદો

2. નોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) ઉચ્ચારણ પ્રક્રિયા

(2) ભાષા વ્યવસ્થાના વિવિધ સ્તરો

(3) માન્ય ગુજરાતીના સ્પર્શ વ્યંજનો

(4) માન્ય ગુજરાતીના સ્વરો

3. નોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) માન્ય ભાષા અને બોલી

(2) ચરોતરી બોલીની લાક્ષણિકતાઓ

(3) સુરતી બોલીની લાક્ષણિકતાઓ

(4) પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ

4. ભારતીય આર્યની વિકાસ રેખાના ત્રણ તબક્કાઓનો પરિચય કરાવો. **14**

**અથવા**

અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીના વિકાસના મુખ્ય તબક્કાઓ એના મહત્ત્વના લક્ષણોને આધારે સમજાવો.

5. નીચેના પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધી જવાબ આપો : **14**

(1) ભારતીય આર્યનો જૂનામાં જૂનો નમૂનો કયા ગ્રંથમાં મળે છે ?

(A) સામવેદ (B) અથર્વવેદ (C) ઋગ્વેદ

(2) 'બ્હીક' શબ્દમાં આવતો 'હ' કેવો ધ્વનિ છે ?

(A) અલ્પપ્રાણ (B) મર્મર (C) ગુસપુસિયો

(3) ભાષાનું સ્વરૂપ કેવું છે ?

(A) બંધિયાર (B) પરિવર્તનશીલ (C) સ્થગિત

(4) 'ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલા સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ.' – આ વ્યાખ્યા કયા ભાષાવિજ્ઞાનીએ આપી છે ?

(A) સપિર (B) સ્ટર્ટિવન્ટ (C) હૉલ

(5) ત, થ, દ, ધ – કેવા ધ્વનિ ઘટકો છે ?

(A) મૂર્ધન્ય (B) તાલવ્ય (C) દંત્ય

(6) દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનની અદલા-બદલી કઈ બોલીની લાક્ષણિકતા છે ?

(A) સુરતી બોલી (B) ચરોતરી બોલી (C) સૌરાષ્ટ્રી બોલી

(7) નીચેનામાંથી કયો ધ્વનિ અલ્પપ્રાણ છે ?

(A) ખ (B) ફ (C) ગ

(8) નીચેનામાંથી કઈ બોલીમાં વિવૃત્ત 'ઍ' અને 'ઑ' નો અભાવ જોવા મળે છે ?

(A) પટ્ટણી બોલી (B) સૌરાષ્ટ્રી બોલી (C) ચરોતરી બોલી

(9) મુંડા, ખાસી વગેરે કયા ભાષા કુળની ભાષાઓ છે ?

(A) મોન-ખ્મેર (B) ભારતીય આર્ય (C) ચીની તિબેટી

(10) અશોકના શિલાલેખમાં જોવા મળતી ભાષાઓ કયા સમયગાળાની છે ?

(A) પૂર્વકાલીન પ્રાકૃત (B) અંતિમ પ્રાકૃત (C) અપભ્રંશ

(11) દક્ષિણ ભારતના ચાર મોટા રાજ્યોની ભાષા કયા કુળની છે ?

(A) ભારતીય આર્યકુળ (B) દ્રાવિડી કુળ (C) મોન-ખ્મેર કુળ

(12) પાવલી, લેકચરબાજી, ઉપલો માળ ખાલી હોવો, વગેરે શબ્દ પ્રયોગોને શું કહેવાય છે ?

(A) નિષિદ્ધ (B) શિષ્ટભાષા (C) સ્લૅન્ગ

(13) બહુવચનમાં 'ઓ' પ્રત્યયને સ્થાને 'ઉ' પ્રત્યય કઈ બોલીમાં જોવા મળે છે ?

(A) સૌરાષ્ટ્રી બોલી (B) ચરોતરી બોલી (C) પટ્ટણી બોલી

(14) ગુજરાતી ભાષાનો થડકારવાળો ધ્વનિ જણાવો.

(A) લ (B) મ (C) ર

---